
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે આપણે તમારા દર્દના છેલ્લા ઉપાય તરીકે... પેલી ફિલ્મની જેમ દવાનું નામ બદલાવીને અજમાવી જોઈએ...!!

# અધિકારીઓ માટે નવા મકાનો બાંધવા માટે વિભાગને દરખાસ્ત

### વિવિધ સંવર્ગના અધિકારીઓ માટે મકાનો તૈયાર કરવા માટે પ્રાથમિક વિચારણાના અંતે કાર્યયોજના આખરી કરાશે

ગાંધીનગર તા ૨૨

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ નવી ટાવર કોલોની બાંધવા માટેનુ કામ ચાલી રહયુ છે. જયારે સે-૭ બાદ હવે સે-૨૯ માં પણ નવા મકાનો તૈયાર કરી દેવાયા છે. જયારે સેકટરોમાં અધિકારીઓ માટે નવા મકાનો બાંધવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ નવા કોર્પોરેટ લુક ધરાવતા મકાનો બનાવાનુ કામ ચાલી રહયુ છે. સેકટરોમાં વિવિધ કક્ષાના મકાનો બાંધવામાં આવી રહયા છે. ટાવર કોલોનીમાં રહીશોને સઘળી સુવિધા મળી રહે તેવુ આયોજન કરવામાં આવી રહયુ છે. સે-૭ માં કરોડોના ખર્ચે આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે હાલ તેમાં વસવાટ પણ શરૂ થઈ ગયો છે. જયારે સે-૨૯ અને સે-૩૦ માં પણ નવા આવાસો બાંધવામાં આવી રહયા છે. સે-૩૦ માં મકાનો તૈયાર થતા હજુ સમય લાગે તેમ છે. પરંતુ સે-૨૯ માં આવાસ યોજના તૈયાર કરી દેવામાં આવી છે.

નવા મકાનોની ફાળવણી માટે ટુંકમાં જ ટાવર કોલોનીનુ લોકાર્પણ કરવામાં આવશે. વધુમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ સેકટરોમાં ભયજનક મકાનોની સંખ્યા વિશેષ છે. ત્યારે તબક્કાવાર મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. સેકટરોમાં ભયજનક માલુમ પડતા મકાનો તોડવામાં આવી રહયા છે. જયારે હજુ પણ નવા મકાનો બાંધવા માટે જગ્યાની પસંદગીના અંતે નિર્ણય લેવા માટે વિભાગે અભ્યાસ હાથ ધર્યો છે.

શહેરમાં નવા સેકટરોમાં પણ હજુ ટાવર કોલોની તૈયાર કરવા માટે ટુંકમાં જ કાર્યયોજના આખરી થશે.બીજીતરફ અધિકારીઓ માટે નવા મકાનો બાંધવા માટે પણ પ્રાથમિક તબક્કે વિચારણા હાથ ધરવામાં આવી છે. જેમાં વિવિધ સંવર્ગના અધિકારીઓ માટે નવા મકાનો તૈયાર કરવા માટે પ્રાથમિક સ્વરૂપે દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. જે ટુંકમાં જ વિભાગ સમક્ષ રજુ કરાશે જયારે વિભાગ કક્ષાએથી નિર્ણય લેવાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# પડી જવાથી બ્રેઈન ડેડ પામનાર મૃતાત્માના વિવિધ અંગોનું દાન

### જુસિકાને ચક્ષુદાન પ્રાપ્ત થયુ તે પહેલા તેમની કિડની અને લીવરનું પણ દાન અપાયું : સ્વર્ગસ્થના અંગદાનથી ચાર વ્યક્તિઓને નવજીવન મળશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની જુનિયર સિટિઝન કાઉન્સિલને તાજેતરમાં અમદાવાદના સ્વ. રામક્રિષ્ના વિનાયક તિવારીના ચક્ષુનું દાન પ્રાપ્ત થયું હતું. આ ચક્ષુદાનની કિડની તથા લીવરનું પણ દાન કરવામાં આવ્યું હતું. જે ભાટ ગામ પાસેની એપોલો હોસ્પિટલને પ્રાપ્ત થયું હતું. સ્વર્ગસ્થના આ અંગદાનને કારણે ચાર વ્યક્તિઓને જીવનદાન પ્રાપ્ત થશે. સ્વર્ગસ્થના પરિવારજનોની સમાજ પ્રત્યેની ઉમદા સેવા ભાવનાને ચોતરફથી પ્રસંશા પ્રાપ્ત થઈ રહી છે.



અમદાવાદના ઓઢવ વિસ્તારની નેહલપાર્ક સોસાયટીમાં રહેતા રામક્રશ્ના વિનાયક તિવારીને તેમના નિવાસસ્થાને પડી જવાથી ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે એપોલો હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યાં હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને 'બ્રેઈન ડેડ' જાહેર કર્યા હતા. આકસ્મિક મૃત્યુને વરેલા સ્વ. રામક્રિશ્નાના ધર્મપત્નિ માયાબેન તથા પુત્ર આકાશ તિવારીની સંમતિથી તેમની કિડની અને લીવરનું દાન એપોલો હોસ્પિટલ દ્વારા મેળવવામાં આવ્યું હતું. આ સાથે માતા-પુત્રએ સ્વગસ્થના ચક્ષુઓને પણ દાન કરવાનો નિર્ણય લેતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. અહીં જુનિયર સિટીજન કાઉન્સિલના કાર્યકર હિતેષ બી. રાવલ તથા રાજુભાઈ વાઘેલાએ ડૉ. પ્રતાંથી તથા ડૉ. મેઘાની મદદથી આ ચક્ષુદાન મેળવી સ્વીકાર્યુ હતું. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેની ચક્ષુબેંકમાં પહોંચાડવાનું ભગીરથ જુનિયર સિટિઝન કાઉન્સિલના ડ્રાયવર સન્નીભાઈ વાઘેલાએ પુરી પાડી હતી. જુસિકા દ્વારા સ્વ. રામક્રિશ્ના તિવારીના સગાઓની સમાજ પ્રત્યેની જવાબદારીપૂર્ણ લાગણી અને ઉમદા સેવા ભાવનાને બિરદાવવામાં આવી હતી. સ્વર્ગસ્થના આ અંગદાનને પગલે ચાર વ્યક્તિઓને નવજીવન પ્રાપ્ત થશે.



## સે-૪ બગીચા ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ગાંધીનગર સ્થિત સેકટર-૪ના બગીચામાં એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં પેરાલીગલ વોલન્ટીયર્સ જયરામભાઈ સોની દિનેશભાઈ દવે, સીતારામભાઈ પટેલ, કે.કે. પટેલ દ્વારા બાળકો, મહિલાઓ, સિનિયર સિટિઝનો અંગે વિશિષ્ટ કાયદા અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

# શિક્ષણવિદ્ તેમજ સાહિત્યકાર એવા ડૉ. સોમાભાઈ પટેલને 'સારસ્વત એવોર્ડ'

ગાંધીનગર, તા.૨૨

અચલા એજયુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદના ઉપક્રમે જી.એમ.ડી.સી. ઓડીટોરિયમ ખાતે ગઈ કાલે ગાંધીનગરના શિક્ષણવિદ્ અને સાહિત્યકાર ડૉ. સોમાભાઈ પટેલને સારસ્વત એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

ડૉ. સોમાભાઈ પટેલે 'મધ્યકાલીન ગુજરાતી કવિતામાં પ્રેમલક્ષણા ભકિત' વિષય પર શોધનિબંધ લખીને ડોકટરેટની પદવી પ્રાપ્ત કરી છે તેમજ છ જેટલા પુસ્તકો પણ લખ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુરૂ રહી ચુકેલા ડૉ. સોમાભાઈ પટેલનું સમગ્ર જીવન શિક્ષણ અને સમાજને સમર્પિત છે. તેઓ નવોદિત સાહિત્યકારોને પ્રેરણા આપે છે. તેમજ સે-૨૮ અને સે-૨૩ના ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો માટે અક્ષરજ્ઞાનના વર્ગો ચલાવે છે. ડૉ. સોમાભાઈ પટેલ ગાંધીનગરમાં અનેક યુવાઓને ધંધા માટે તેમજ સરકારી નોકરીની પૂર્વ તૈયારી અંગેની તાલીમ આપે છે.

ડૉ. સોમાભાઈ પટેલના જીવન પર પ્રકાશ પાડતું 'સૌમ્ય જીવન' પુસ્તક સૌને માટે પ્રેરણારૂપ છે. તેઓ ગાંધીનગર સાહિત્ય સભાના ખૂબ સક્રિય અને નિષ્ઠાવાન કાર્યકર રહ્યા છે. હાલમાં તેઓ કારોબારી સદસ્ય તરીકે યોગદાન આપી રહ્યા છે.

ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ, સભ્યો તેમજ નગરના સાહિત્યજગતના સૌ લોકોએ ડૉ. સોમાભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.



શિક્ષાપત્રી જયંતિ : સેક્ટર-૨૩ સ્વામી નારાયણ મંદિર ખાતે શિક્ષાપત્રી જયંતી નિમિત્તે પૂ. હરિકેશવદાસજીએ ભાવિકોને સ્વામી નારાયણ સંપ્રદાયમાં ભગવાન સ્વામીનારાયણના સ્વહસ્તે લખેલ ગ્રંથ સર્વ જીવ હિતાવહ શિક્ષાપત્રીનું મહત્ત્વ સમજાવ્યું હતું. શિક્ષાપત્રીની ૧૯૨મી જયંતિએ સત્સંગ કાર્યક્રમ યોજાયો હતો.

## ગુજરાત સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીય કક્ષાએ નિમણુંક

ગાંધીનગર, તા. ૨૨

નવી દિલ્હી ખાતે યોજાયેલ ભારતીય વિશ્વકર્મા વંશજ સર્વોત્થાન સંગઠનના રાષ્ટ્રીય સંમેલનમાં



ગુજરાતના ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીય કારોબારીમાં પ્રભારી મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવી છે. જેમાં ઉત્તરપ્રદેશ, હરિયાણા, હિમાચલપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર, નવી દિલ્હીના પ્રતિનિધિઓની રાષ્ટ્રીય કારોબારીમાં નિમણુંક થયેલ છે. તેમાં ગુજરાતના ઠાકોર મિસ્ત્રીની નિમણૂંક થયેલ છે.

## રાંધેજા ખાતે સર્વરોગ શિબિર યોજાશે

રાંધેજા ખાતે આવેલ જે.જે. બજાજ કુદરતી ઉપચાર કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠમાં પાંચ દિવસીય સર્વ રોગ શિબિરનુંઆયોજન કરવામાં આવ્યુંછે. ૨૫મી જાન્યુઆરીથી ૨૯મી જાન્યુઆરી સુધી યોજાનાર આ શિબિરમાં કબજીયાત, હાઈ-લો બીપી, ઓબેસીટી, ડાયાબીટીસ, દમ, વા તથા ત્વચા સંબંધિત રોગોની કુદરતી સારવાર તથા સાચી સમજ લોકો સુધી પહોંચાડવામાં આવશે. આ શિબિર જે.જે. બજાજ કુદરતી ઉપચાર કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે યોજાશે. જેમાં ભાગ લેવા માટે ફોન નં. ૦૭૯-૨૩૯૭૬૭૧૮, ૮૪૦૧૧ ૧૩૧૨૪, ૮૧૨૮૦૭૧૯૨૧ ઉપર સંપર્ક કરવો.



ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજે રવિવારે અમદાવાદ ખાતે યોજાયેલ એનર્જી-એન્વાર્યમેન્ટ મિટીંગમાં ભાગ લીધો હતો. આ મિટીંગમાં જાપાનથી ડેલિગેશન પધાર્યું હતું. આ ડેલિગેશનના હેડ સાકામોતો સાથે વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાપાએ ખાસ મુલાકાત કરી હતી અને એનજી-એન્વાર્યમેન્ટ અંગે વિચારોની આપલે કરી હતી.

## ચિલોડા પ્રાથમિક શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળા દ્વારા ચાર દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં ઐતિહાસિક અને ધાર્મિક જોવાલાયક સ્થળો જેવા કે નવા રણુંજા, જામગનર, દ્વારકા, બેટ દ્વારકા, હરસિધ્ધ, પોરબંદર, સોમનાથ, જૂનાગઢ, વિરપુર, ચોટીલા વગેરેની મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રવાસમાં શાળાના ૬૮ બાળકોએ વિવિધ સ્થળોની મુલાકાત લઈ મનભેર આનંદ માણ્યો હતો.

# DA-IICT પદવીદાનમાં ૪૩૭ વિદ્યાર્થીને ડિગ્રી

ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (ડીએ-આઈઆઈસીટી)નો ૧૪મો પદવીદાન સમારોહ તાજેતરમાં ગાંધીનગર સ્થિત ડીએ-આઈઆઈસીટી કેમ્પસમાં યોજાઈ ગયો, જેમાં શિક્ષણજગતના મહાનુભાવો અને આમંત્રિત મહેમાનોની હાજરી વચ્ચે ૪૩૭ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે ૧૧ પીએચડી સ્કોલર્સને પણ ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે ઈન્ડિયન સ્ટેટેસ્ટિકલ ઈન્સ્ટીટયુટના ડિરેકટર પ્રો.સંઘમિત્રા બંદોપાધ્યાય મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. ડીએ-આઈઆઈસીટીના પદવીદાન સમારોહ પ્રસંગે પ્રો.સંઘમિત્રા બંદોપાધ્યાયે વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવા અને પ્રગતિના શિખરો સર કરવાની સાથે પ્રમાણિકતા અને સામાજિક મૂલ્યોનું જતન કરવા પણ શીખ આપી હતી. ઉલ્લેખનીય છે કે, કોમ્પ્યુટર સાયન્ટીસ્ટ અને કમ્પ્યુટેશનલ બાયોલજીમાં નિપુણતા ધરાવતા પ્રો.બંદોપાધ્યાયે એન્જિનીયરીંગ સાયન્સમાં શાંતિ સ્વરૂપ ભટનાગર પ્રાઈઝ મેળવ્યુંછે. ઈન્ડિયન સ્ટેટેસ્ટિકલ ઈન્સ્ટીટયુટના ડિરેકટર તરીકે તમામ પાંચ કેન્દ્રોની કામગીરીની સાથે સાથે દેશભરમાં ફેલાયેલા સ્ટેટેસ્ટીકલ કવોલિટી કંટ્રોલ અને ઓપરેશનલ રિસર્ચ યુનિટ પર દેખરેખ રાખવાની જવાબદારી સંભાળી રહ્યા છે. આ પદવીદાન સમારંભ દરમ્યાન બી.ટેક (ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી)ના પંચાલ પાર્થ દિક્ષિતભાઈ, બી.ટેક૯ઓનર્સ) ઈન આઈસીટી વીથ માઈનોર ઈન કમ્પ્યુટેશનલ સાયન્સની ઝરણા પરેશકુમાર પારેખ, એમટેક (ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી)ના દેસાઈ મીત નીતિનભાઈ, એમએસસી (આઈટી)ના સુનિલ સુરેશભાઈ ચાવલા, એમએસસી (ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી-એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ)ની પટેલ અશ્વિની કનુભાઈ અને એમ.ડેસ (કમ્યુનિકેશન ડિઝાઈન)ના સૌરવ શર્માને પ્રેસિડેન્ટ્સ ગોલ્ડ મેડલ મેળવનાર વિજેતા વિદ્યાર્થી તરીકે સન્માનિત કરાયા હતા. પદવીદાન સમારોહ દરમ્યાન ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓમાં ભારે ખુશી અને ઉત્સાહનો માહોલ છવાયો હતો.

## લઘુમતી કોંગ્રેસ સમિતિના ચેરમેન તરીકે અસરફતખાન પઠાણ



ગાંધીનગર જિલ્લાના લઘુમતી કોંગ્રેસ સમિતિના ચેરમેન તરીકે અસરફતખાન નજીરખાન પઠાણ (ખોરજ)ની નિમણુંક કરવામાં આવેલ છે. જનાબ ખુરશીદ અહેમદસૈયદ (ચેરમેન-એ.આઈ.સી.સી, માયનોરીટી ડિપાર્ટમેન્ટ) ગુલામખાન કે. રાઉમા (ચેરમેન-ગુજરાત માયનોરીટી) અને પ્રફુલભાઈ શાહ (ચેરમેન ઉત્તર ગુજરાત માયનોરીટી)ની મંજુરીથી તેમને નિમણુંક આપવામાં આવેલ છે.

## વડનગર હાટકેશ્વરમાં મહારૂદ્ર, સૂર્ય સંહિતાયજ્ઞ ગુરૂવારે યોજાશે


ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર નાગર સમાજના ઈષ્ટદેવ શ્રી હાટકેશ્વરદાદાની પ્રેરણા અને કૃપા વડનગર શ્રી હાટકેશ્વર દાદાના મંદિર પરિસરમાં નાગર સમાજની ઉત્તરોત્તર સર્વાંગી પ્રગતિ માટે તેમજ હાટકેશ્વર મંદિરની વૃદ્ધિ થાય તેવા આશયથી તા. ૨૫-૨૬મી જાન્યુઆરીના રોજ વિશ્વ કલ્યાણ મંડળ કલોલ દ્વારા હાટકેશ્વર મહાદેવ વડનગરમાં મહારૂદ્ર યાગ, સૂર્ય યાગ, સંહિતાયજ્ઞનું આયોજન કરવામાં આવનાર છે. યજ્ઞની પુર્ણાહુતિ તા. ૨૬મી જાન્યુઆરીના રોજ સાંજે ચાર વાગે યોજાશે. સાંજે છ વાગે પ્રસાદગ્રહણ હાટકેશ્વર મહાદેવ પરિસરમાં થશે. તથા વિશ્વકલ્યાણ મંડળ દ્વારા પિનાકીનભાઈ જાની અને ભગવતીપ્રસાદ રાવલ તરફથી નાગરબંધુ પરિવારે લાભ લેવા જણાવેલ છે.

# ફેસબુક સાથે જોશ ટોકને ગાંધીનગર ખાતે ભવ્ય સફળતા

ગાંધીનગર, તા. ૨૨

જોશ ટોકસ, ફેસબુક સાથે મળીને, ૨૧ મી જાન્યુઆરીના રોજ




પીડીપીયુ, ગાંધીનગર ખાતે આ ચોથી ઈવેન્ટનું આયોજન કર્યુ હતું.આ એકદિવસીય કોન્ફરન્સમાં ઉદ્યોગસાહસિકો અને ફેરફાર ઉત્પાદકો દ્વારા પ્રેરણાદાયી વાર્તાઓ કહેવામાં આવી હતી.

ભાવિની પટેલે તેમનું ભારતની ટોચ પેરા ટેબલ ટેનિસ હોવાના તેમના પ્રવાસ વિષે ચર્ચા કરી.આ એથલીટ આંતરરાષ્ટ્રીય પેરાલિમ્પિક્સમાં ૧૨ મા સ્થાને છે. તેમના જીવનચરિત્રમાંથી સૌથી મહત્વની બાબત લેવા જેવી એ હતી કે જીવનની કોઈપણ બાબત હોય તેમાં તમારો બેસ્ટ શોટ આપો. બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશનના એવોર્ડ વિજેતા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ભૂષણ પુંનીએ સામાજિક ક્ષેત્ર માટે તેમના નોંધપાત્ર યોગદાન વિશે વાત કરી હતી. તેમની વાતચીતમાં પ્રેક્ષકોને અઢળક ધ્યાન હતું.

નિવૃત્ત વૈજ્ઞાનિક નિરજારી સિંહાએ જન સંઘર્ષ મંચના મથાળાના તેમના અનુભવની લંબાઈ વિશે વાત કરી હતી. તે એવી સંસ્થા છે જે છેલ્લા ૩૮ વર્ષથી દલિત શ્રમ અધિકાર માટે સક્રિય રીતે કામ કરી રહી છે. તેના પ્રત્યક્ષ અનુભવોએ દરેકને પ્રેરિત કર્યા. સરપંચ હિમાંશુ પટેલના ગ્રામીણ વિકાસ માટેના આંતરરાષ્ટ્રીય મોડેલમાં વીજળી અને પાણી વિનાના મોડેલ વિષેની વાત અને એક ગામ પરિવર્તનની કથા ખરેખર પ્રેરણાદાયક હતી. હાયર સોલ્વેના સહસ્થાપક, ડીપ કક્કડે, એક વિચારને વાસ્તવમાં ફેરવવા વિશે વાત કરી. તેમણે ઉદ્યોગસાહસિક સફળતા માટે તેમના રહસ્યો સાથે પ્રેક્ષકો સાથે ચર્ચા કરી. જોશ ટોક ગાંધીનગર ૨૦૧૮ એ એક રસપ્રદ ઘટના હતી જેમાં ઘણી રસપ્રદ વાર્તાઓ હતી જે યુવાન પ્રેક્ષકો માટે મહત્વની સુસંગતતા હતી.



ઈન્ડીયન ઓયલ કોર્પોરેશન અને પેટ્રોલીયમ કન્ઝર્વેશન રીસર્ચ એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે ઈંધણ બચતના કાર્યક્રમ યોજેલ. જેમાં સાયકલ મેરેથોન રેલી કાર્યક્રમ યોજેલ હતો. જેમાં ગાંધીનગરના ડીએસઓ શ્રીમતી દર્શનાબેને લીલી ઝંડી આપી રેલીની શરૂઆત કરેલ હતી. આ ઉપક્રમે ગાંધીનગર તાલુકાના ઈન્ડીયન આઈલ કોર્પોરેશનના ડીલરો, હાર્દિક ગેસ એજન્સી, શ્રી શક્તીકૃપા ઈન્ડેન સાહેબા ગેસ એજન્સીસ, આશીર્વાદ ગેસ સર્વીસ, પાર્થ ગેસ એજન્સીના વિતરકો સગભાગી થયેલ હતા.

# ધણપ પાટીયા પાસે બસને થયેલ નુકશાનમાં બે'ની અટકાયત

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર દેશભરમાં ફિલ્મ પદ્માવતનો વિરોધ ચાલી રહ્યો છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ ટાયરો સળગાવી ટ્રાફિકજામ અને કેટલાક તોફાની તત્વોએ એસ.ટી. નિગમની બસોને નુકશાન પહોંચાડ્યુ છે. ત્યારે તાજેતરમાં ચિલોડા-હિંમતનગર માર્ગ પર ધણપ પાટીયા પાસે એસ.ટી. બસને કેટલાક અસામાજીક તત્વોએ નુકશાન પહોચાડ્યું હતું. આ મામલે ચિલોડા પોલીસે બે જણાની અટકાયત કરી હતી અને કોર્ટમાં રજુ કરીને રિમાન્ડની માંગણી કરી હતી. પરંતુ કોર્ટે રિમાન્ડ ના મંજૂર કર્યા હતા. સરકારી સંપત્તિને નુકશાન પહોંચાડવા અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.


## ટુંકી મુદતની નિવિદા

કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલ સ્પ્લીટ એસી તથા વિન્ડો એ.સી. સર્વિસીંગ તથા રીપેરીંગ અંગેના સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

રસ ધરાવતી એજન્સીઓએ તા. ૨/૨/૨૦૧૮ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની વહીવટી શાખામાંથી રૂ. ૧૦૦/- ભરી રજા સિવાયના દિવસોમાં કચેરીના સમય દરમિયાન તે અંગેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી શકાશે. નિયત નમુનામાં સીલબંધ કવરમાં ટેન્ડર તા. ૭/૨/૨૦૧૮ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે રજીસ્ટર પોસ્ટ એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. ઉક્ત સમયબાદ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ.

સહી/-
નાયબ કમિશનર
ગ્રામ વિકાસ-ગુજરાત રાજ્ય,
ગાંધીનગર

માહિતી/૨૫૩૧/૧૭-૧૮